# પ્રસાર ભારતી

# સમાચાર વિભાગ, આકાશવાણી, અમદાવાદ

**Date : 08-07-2024** **Evening : 7.10 to 7.20pm**

**Day : Monday** **Regional News**

આકાશવાણી અમદાવાદ- વડોદરા પ્રાદેશિક સમાચાર **જયેશ પટેલ** વાંચે છે.

---

- સર્વોચ્ચ અદાલતે NEET UG પરીક્ષામાં ગેરરીતિ અંગે કેન્દ્ર સરકાર, NTA અને CBI પાસેથી અહેવાલ માગ્યો.
- રાજ્યમાં અનધિકૃત રીતે નાણા ધીરનાર સામે પોલીસની વિશેષ ઝુંબેશ - અત્યાર સુધીમાં 134 પોલીસ ફરિયાદ નોંધાઇ
- સ્કૂલવાન બંધાવતા પહેલા ચકાસણી કરી લેવા વાલીઓને શિક્ષણમંત્રીની અપીલ.
- ઘેડ વિસ્તારની સમસ્યાનું કાયમી નિરાકરણ લાવવા કેન્દ્રીય મંત્રી ડૉ.મનસુખ માંડવિયાની ખાતરી
- પંચમહાલ, દાહોદ, છોટાઉદેપુર, સહિતના જિલ્લાઓમાં આવતીકાલે હળવા વરસાદની સંભાવના

-----------------------------------------------------------------------------------------

(ન્યૂઝ બ્રેક – આ સમાચાર આપ આકાશવાણીના અમદાવાદ- વડોદરા કેન્દ્ર પરથી સાંભળી રહ્યા છો)

(સમાચારને અંતે – આકાશવાણીના અમદાવાદ- વડોદરા કેન્દ્ર પરથી પ્રાદેશિક સમાચાર પૂરા થયા)

## SC NEET-UG CASE

સર્વોચ્ચ અદાલતે કેન્દ્ર સરકાર અને રાષ્ટ્રીય પરિક્ષા સંસ્થા- એનટીએને નીટ યુજી પેપર ગેરરિતી કેસમાં અહેવાલ રજૂ કરવા જણાવ્યું છે. અદાલતે સીબીઆઇને આ કેસમાં તેણે અત્યાર સુધી કરેલી તપાસ અંગેનો સ્ટેટસ રિપોર્ટ દાખલ કરવા પણ નિર્દેશ આપ્યો છે. અદાલતે એનટીએ, કેન્દ્ર સરકાર અને સીબીઆઇને બુધવારે સાંજે પાંચ વાગ્યા સુધીમાં તેમનાં અહેવાલ રજૂ કરવા જણાવ્યું છે. આ કેસમાં વધુ સુનાવણી ગુરૂવારે થશે.

નીટ યુજી પરિક્ષામાં ગેરરિતી અને અનિયમિતતા થઈ હોવાનો આક્ષેપ કરતી અને નવેસરથી પરિક્ષા લેવાનો નિર્દેશ આપવાની માંગણી કરતી સંખ્યાબંધ અરજીઓ પર મુખ્ય ન્યાયમૂર્તિ ડી વાય ચંદ્રચૂડ, ન્યાયમૂર્તિ જે બી પારડીવાલા અને ન્યાયમૂર્તિ મનોજ મિશ્રાની બનેલી ખંડ પીઠ સુનાવણી કરી રહી હતી.

મુખ્ય ન્યાયમૂર્તિએ જણાવ્યું કે, પરિક્ષાની પવિત્રતા સાથે સમાધાન થયું છે તેમાં કોઈ શંકા નથી. તેમણે જણાવ્યું કે, પુનઃ પરિક્ષાનો આદેશ આપતા પહેલાં કેટલાં પ્રમાણમાં પેપર લીક થયા છે તે જાણવું જરૂરી છે. અદાલતે જણાવ્યું કે, પરિક્ષા રદ કરવી એ અંતિમ ઉપાય છે.

..................................

## VYAJKHOR SAME POLICE KARYAVAHI

રાજ્યભરમાં પોલીસે આગામી 31 જુલાઈ સુધી વિશેષ ઝૂંબેશ શરૂ કરી છે. પોલીસે અત્યાર સુધીમાં અનધિકૃત રીતે નાણા ધીરનાર 226 લોકો સામે 134 પોલીસ ફરિયાદ દાખલ કરી છે. પોલીસે શરૂ કરેલી કાર્યવાહીથી અનેક નાગરિકોના જીવન બચ્યા છે. જ્યારે અનેકને પોતાની ફસાયેલી જીવનભરની મૂડી પરત મળી છે.

આ ઝૂંબેશનો ઉદ્દેશ્ય જે અરજદાર પાસેથી અનધિકૃત નાણા ધીરનાર વ્યક્તિએ ખોટી રીતે નાણા લઈ લીધા હોય તો તેમને નાણા પરત અપાવવાનો અભિગમ છે.

રાજ્યભરમાં 21મી જૂનથી શરૂ થયેલી આ ઝૂંબેશમાં 568 લોકદરબારમાં 32 હજારથી વધુ નાગરિક જોડાયા છે. આ લોકદરબારમાં પોલીસ મહાનિરીક્ષક, પોલીસ અધિક્ષક તથા નાયબ પોલીસ અધિક્ષક કક્ષાના ઉચ્ચ અધિકારીઓએ અનધિકૃત નાણા ધીરનારાઓના દબાણથી હેરાન નાગરિકોની ફરિયાદોના નિકાલ માટે તાત્કાલિક ધોરણે કાર્યવાહી હાથ ધરી છે.

અનધિકૃત એક પણ વ્યાજખોર પોલીસની કડક કાર્યવાહીથી બચે નહીં અને કોઈ નિર્દોષ વ્યક્તિ સામે ખોટો કેસ ન થઇ જાય તેની ખાસ તકેદારી સાથે સમગ્ર કાર્યવાહી કરવા મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલ અને ગૃહ રાજ્ય મંત્રી હર્ષ સંઘવીએ ગુજરાત પોલીસને સૂચના આપી છે.

..................................

# SURAT ACCIDENT

**સુરતમાં ઓલપાડ તાલુકાના મૂળદ ગામ નજીક શાળાના બાળકોને લઈ જતી કાર પલટી જતાં કારમાં સવાર છથી સાત બાળક ઈજાગ્રસ્ત થયા હોવાના અહેવાલ છે.. સામેથી બસ આવતા કારચાલકે સ્ટિયરીંગ પરથી કાબૂ ગુમાવતા આ અકસ્માત સર્જાયો હતો. આ અંગે રાજ્યકક્ષાના શિક્ષણ મંત્રી પ્રફૂલ પાનશેરિયાએ પ્રતિક્રિયા આપતા આ મુજબ જણાવ્યું...**

**(બાઈટ - પ્રફૂલ પાનશેરિયા, રાજ્યકક્ષાના શિક્ષણ મંત્રી)**

*(પોલીસ સંપૂર્ણપણે તપાસ કરી રહી છે સામેથી બસ આવતી હતી. બસ રોંગ સાઈડમાં છે કે ઇકો છે એ બધુ તપાસ કરીને એક્શન લેવાશે. પરંતુ આ સ્કૂલ વાન એ વાલીઓ દ્વારા પ્રાઇવેટ બાંધવામાં આવે છે, તો હજી હું વિનંતી કરું છું વાલીઓને કે જે તમે સ્કૂલવેન બાંધો છો એના માલિક, એના ડ્રાઇવર, એનું કેરેક્ટર આ બધી જ બાબતોમાં આપણે ચકાસણી કરવી જોઈએ.)*

----------------

# MID BREAK- NEWS- REGIONAL

આ સમાચાર આપ આકાશવાણી અમદાવાદ વડોદરા કેન્દ્ર પરથી સાંભળી રહ્યા છો. આ સમાચાર આપ અમારી youtube ચેનલ એઆઈઆર ન્યુઝ ગુજરાત પર પણ સાંભળી શકશો. વધુ સમાચાર માટે આપ અમારા ટ્વિટર હેન્ડલ AIR ન્યુઝ અન્ડર સ્કોર એ બી એ ડી ને ફોલો કરી શકશો..

.....................................

## JOONAGARH-GHED. MANDAVIA

કેન્દ્રીય શ્રમ રોજગાર અને રમતગમત મંત્રી તથા પોરબંદરના સાંસદ ડોક્ટર મનસુખ માંડવીયાએ જણાવ્યું હતું કે, જૂનાગઢ અને પોરબંદર જિલ્લાના ઘેડ વિસ્તારની સમસ્યાનું કાયમી નિરાકરણ લાવવામાં આવશે. ઘેડ વિસ્તારના વિકાસ માટે અને નદીકાંઠાઓમાં દર વર્ષે થતી મુશ્કેલીના નિરાકરણ માટે કાયમી આયોજન હાથ ધરવામાં આવશે એમ તેમણે જણાવ્યું હતું.

ગઈ કાલે ઘેડ વિસ્તારની મુલાકાત દરમિયાન શ્રી માંડવિયાએ જુનાગઢ જિલ્લાની ઓજત અને મધુવંતી નદીના પાણીથી નુકસાન ન થાય તે માટે ભૌગોલિક અભ્યાસ કરીને જાન્યુઆરી સુધીમાં યોજના તૈયાર કરવા અધિકારીઓને સૂચના આપી હતી.

તેમણે પોરબંદર લોકસભા વિસ્તારમાં સમાવિષ્ટ ગામો શહેરોના વિકાસ માટે પાંચ વર્ષની યોજના તૈયાર કરવા પણ સૂચના આપી હતી.

..................................

## RAIN AAGAHI

રાજ્યના હવામાન વિભાગે જણાવ્યું કે રાજ્યમાં આજે દાહોદ, છોટાઉદેપુર, નર્મદા, સુરત, ડાંગ, નવસારી, વલસાડ, તાપી, અને દમણ અને દાદરાનગર હવેલીમાં ભારે વરસાદની આગાહી છે. જ્યારે કેટલીક

જગ્યાએ છુટાછવાયા ઝાપટાં પડી શકે છે. અમદાવાદ હવામાન વિભાગના વૈજ્ઞાનિક રામાશ્રય યાદવે આગામી સાત દિવસની આગાહી અંગે આ મુજબ જણાવ્યું.....

(બાઇટ- રામાશ્રય યાદવ, હવામાન વૈજ્ઞાનિક)

*(આગામી સાત દિવસ દરમિયાન ગુજરાત રાજ્યમાં આગાહીની વાત કરવામાં આવે તો તમામ જિલ્લાઓ કવર છે જ્યાં હળવોથી મધ્યમ વરસાદ પડવાનું પૂર્વાનુમાન છે અને બીજા દિવસની વાત કરીએ તો પંચમહાલ, દાહોદ, છોટાઉદેપુર, નર્મદા, સુરત, ડાંગ, નવસારી, વલસાડ, તાપી, દમણ અને દાદરા નગર હવેલીમાં ભારે વરસાદ થવાની સંભાવના છે અને યેલ્લો એલર્ટ પણ આપવામાં આવ્યું છે.  અને વાવાઝોડાની વાત કરીએ તો આગામી બે દિવસ દરમિયાન રાજ્યના તમામ જિલ્લાઓમાં વાવઝોડું ફુંકાવાની આશંકા છે.)*

-------

# DISTRICT RAIN

રાજ્યમાં આજે સવારે છ વાગ્યાથી સાંજે છ વાગ્યા સુધીમાં કુલ 51 તાલુકામાં વરસાદ નોંધાયાના અહેવાલ  છે.

ગાંધીનગરના  રાજ્ય આપાતકાલીન સંચાલન કેન્દ્રના જણાવ્યા મુજબ સૌથી વધુ એક ઇંચ વરસાદ કચ્છના ભુજ ખાતે નોંધાયો. તેમજ 10 તાલુકાઓમાં 10 થી 20 મિલિમિટર વરસાદ નોંધાયો છે, જ્યારે 41 તાલુકાઓમાં 1 થી 10 મિલિમિટર વરસાદ નોંધાયો છે.

ડાંગ જિલ્લાના અમારા પ્રતિનિધિ મુનિરા શેખ જણાવે છે કે  જિલ્લામાં થઈ રહેલા વરસાદને પગલે, પીપલદહાડ ફીડરની વીજ લાઇન ઉપર વૃક્ષ ધરાશાઈ થતા, વીજ પ્રવાહ અવરોધાયો હતો. જ્યારે મહાલની ૧૧ KV ફીડર લાઇન ઉપર પણ એક વૃક્ષ ધરાશાયી થયું હતું. તો આહવા ખાતે દીપદર્શન સ્કૂલ રોડ ઉપર પણ, વીજ વાયર ઉપર વૃક્ષ પડતા કેટલોક

સમય વીજ પ્રવાહ બંધ કરવો પડ્યો હતો. તો જિલ્લાના સુબીર તાલુકાનાં હિંદળા ગામે એક પશુપાલકનો બળદ તણાઇ જતા મૃત્યુ પામ્યો છે.

અરવલ્લી જીલ્લાના માલપુરમાં વરસાદને પગલે નીચાણવાળા વિસ્તારોમાં પાણી ફરી વળ્યાં હતા. વરસાદથી વાતાવરણમાં ઠંડક પ્રસરતા અસહ્ય ગરમી અને બફારાથી લોકોને હાશકારો થયો હતો. વહેલી સવારે કડાકા-ભડાકા સાથે ધોધમાર વરસાદ ખાબકતા નીચાણ વાળા વિસ્તારોમાં પાણી ભરાયા ખેતીપાક ને નવજીવન મળતાં ખેડૂતોએ હાશકારો અનુભવ્યો હતો.

.................

# CM CONGRATULATES CRPF JAVAN

રાજ્યના મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલે સામાજિક માધ્યમની એક પૉસ્ટમાં તાપી જિલ્લાના કેન્દ્રીય સશસ્ત્ર પોલીસ દળ – CRPF જવાન મુકેશકુમારને શૌર્યચક્રથી સન્માનિત થવા બદલ અભિનંદન પાઠવ્યા છે. શ્રી પટેલે સંદેશમાં લખ્યું કે, રાષ્ટ્રપતિ દ્રૌપદી મુર્મૂએ વ્યારા તાલુકાના ચાંપાવાડી ગામના કેન્દ્રીય સશસ્ત્ર પોલીસ દળ – CRPF જવાન મુકેશકુમાર ગામીતને જ શૌર્યચક્ર પુરસ્કાર એનાયત કર્યો હતો.

CRPF જવાને કાશ્મીરમાં એક તપાસ અભિયાન દરમિયાન એ ડબલ પ્લસ કેટેગરીના આતંકવાદી તરફથી થઈ રહેલી ગોળીબારી સામે અભૂતપૂર્વ સાહસ અને શૌર્યનું પ્રદર્શન કરી દેશને આતંકી હુમલાઓથી સુરક્ષિત રાખનાર આ સપૂત પર ગુજરાતને ગર્વ છે.

. . . . . . . . . . . . . . .

## AHMEDABAD GPBS BUSINESS EXPO CM PATEL

રાજ્યના મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલની વિશેષ ઉપસ્થિતિમાં અમદાવાદ ખાતે **GPBS** બિઝનેસ એક્સ્પો 2025નો પ્રિ-લૉન્ચિંગ કાર્યક્રમ યોજાઈ ગયો. સરદારધામ સંસ્થાના નેજા હેઠળ **GPBS** 2024 દેશ કા એક્સ્પોનું આયોજન આગામી 9થી 12 જાન્યુઆરી 2025માં ગાંધીનગરના હેલિપેટ એક્ઝિબિશન સેન્ટર ખાતે કરવામાં આવશે.

આ અક્સ્પોનો ઉદ્દેશ્ય અમદાવાદ અને ગાંધીનગર સહિત સમગ્ર રાજ્યના વેપાર-ઉદ્યોગ જગતને વૈશ્વિક સ્તરે પહોંચાડવાનો અને તેમને આંતરરાષ્ટ્રીય કક્ષાએ યોગ્ય પ્લેટફૉર્મ પૂરું પાડવાનો છે.

--------

## NEWS IN BRIEF

**હવે સાંભળીએ કેટલાક સમાચાર સંક્ષિપ્તમાં....**

- ગાંધીનગર ઇન્દ્રોડા સર્કલ પાસે કાર અને બાઈક વચ્ચેના અકસ્માતમાં બાઇકસવારનું મોત.
- વલસાડના છીપવાડ રેલવે અંડરપાસ પાસેથી પસાર થતી કાર પલટી જતાં અકસ્માત સર્જાયો. મહિલા સહિત 2 લોકો ઈજાગ્રસ્ત.

- કચ્છમાં ભુજ તાલુકાનો સ્વાગત કાર્યક્રમ આગામી 24મી જુલાઇએ યોજાશે, જે અન્વયે 20મી જુલાઇ સુધીમાં નાગરિકો પોતાના પ્રશ્નોના નિરાકરણ માટે લેખિત અરજી કરી શકશે.
- IPS ની 2023 બેચના પ્રોબેશન અધિકારીઓ કેન્દ્રશાસિત પ્રદેશ દાદરા અને નગર હવેલી અને દમણ અને દીવના પ્રશાસક પ્રફુલ પટેલને મળ્યા. આ પ્રસંગે પ્રશાસકે તમામ અધિકારીઓને અભિનંદન પાઠવ્યા હતા.
- સુરતમાં  આજથી બે દિવસીય પ્રાદેશિક સ્તરે  14, 17, અને 19 વર્ષના બાળકો માટે બેડમિન્ટન પ્રતિયોગિતાનો પ્રારંભ થયો.

----------